# શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ
## અમદાવાદ

परस्परोपग्रहो जीवानाम्

Published On 18th of Every Month

સંચાલિત માસિક

# સમાજ આરસી

સળંગ અંક : ૨૧૦

કિંમત રૂા. ૪૦-૦૦

જૂન - ૨૦૨૨

વર્ષ - ૧૮





# ઓર જીનેકો ક્યા ચાહિયે !!!

એક ભાઈ બગીચાના બાંકડે બેઠા હતા, પાસે એક બેગ હતી. એક સંન્યાસી બગીચામાં ટહેલતાં ટહેલતાં એમની પાસે આવ્યા અને બોલ્યા, 'બહારના માણસ લાગો છો, તમને ક્યારેય જોયા નથી.'

ભાઈ બોલ્યા, 'હા, હું દૂરના શહેરમાં રહું છું. મારી પાસે બધું છે. પૈસો છે, બંગલો છે, પ્રેમાળ પરિવાર છે, છતાં જીવનમાં મને રસ નથી પડી રહ્યો. એટલે થોડા દિવસની રજા પાડીને મજા પડે એવું કંઈક શોધવા નીકળ્યો છું. હું સુખ શોધી રહ્યો છું.'

સંન્યાસી કંઈ બોલવાને બદલે એ ભાઈની બેગ આંચકીને ભાગ્યા. પેલો માણસ પણ પાછળ દોડ્યો. સંન્યાસી દોડમાં પાક્કા, એટલે ખાસ્સા આગળ નીકળી ગયા. પેલો માણસ હાંફતો હાંફતો એમની પાછળ દોડતો રહ્યો.

બે કિલોમીટર દોડ્યા બાદ સંન્યાસી રસ્તાને કિનારે એક બાંકડા પર બેસી ગયા. થોડીવાર પછી પેલો માણસ હાંફતો-હાંફતો પહોંચ્યો. એણે તરાપ મારીને પોતાની બેગ લઈ લીધી.


બેગ મળી ગયાનો આનંદ એના ચહેરા પર પ્રગટ્યો, એની બીજી જ પળે એણે ગુસ્સાથી સંન્યાસીને કહ્યું, 'મારી બેગ લઈને કેમ ભાગ્યા ?'

સંન્યાસી : 'કેમ વળી ? તમે સુખ શોધવા નીકળ્યા છો, તો બોલો, બેગ પાછી મળી જતાં તમને સુખની લાગણી થઈ કે નહીં ? મેં તો તમને સુખ શોધવામાં મદદ કરી.'

આપણામાંના મોટા ભાગના લોકો પણ થોડા અંશે પેલા માણસ જેવા હોઈએ છીએ.

જે કંઈ આપણી પાસે છે, એમાંથી ઝાઝુ સુખ નથી મળતું. પણ પછી એ ખોવાઈ ગયા બાદ પાછું મળે ત્યારે સારું લાગે.

**સ્પીડ બ્રેકર...** સુખ, તમે જે કાંઈ ત્યાગ કરી શકો છો એના પર આધારિત છે તમે જે કાંઈ મેળવો તેના પર નહિ.


Navkar Institute
&
Navkar Digital Institute
Classroom Coaching
& Online Video Lectures
CA Foundation
CA Intermediate
CA Final Old and New
All levels of CS Course
US CPA, CMA, UK ACCA
www.navkarinstitute.com
www.navkardigitalinstitute.com
Navkar Public School
&
Navkar Digital School
Grade 9 to 12 - GSEB
Science & Commerce
English & Gujarati Med.
Grade 1 to 12 - GSEB & CBSE
Science & Commerce
English & Gujarati Med.
GET IT ON Google Play
NDI
NDS
Download Mobile App
079 69000000 (NI)
079 26304006 (NPS)

SANGINI HOSPITAL

1ST FLOOR SANTORINI SQUARE, NEAR ABHISHREE COMPLEX,
OPP: STAR BAZAR, SATELLITE, AHMEDABAD

PHONE : 079-40056171 ,7623024024 • EMAIL : drtapansah@gmail.com
WEB :- www.sanginihospital.com

**DR. TAPAN SHAH**
(M) 9825739241
OPD TIME: 10 AM TO 1 PM
MONDAY TO SATURDAY

**DR. HARSH MANIAR**
(M) 9825724348
OPD TIME: 4 PM TO 7 PM
MONDAY TO FRIDAY

**DR. MAHESH KHAPANDI**
(M) 9924755228
ASSOCIATE DOCTORS

- MD INTERNAL MEDICINE
- CONSULTANT PHYSICIAN
- CARDIAC DISEASE AND DIABETES SPECIALIST
- INTENSIVE CARE SPECIALIST
- 2D ECHO, TMT

## Dhyana NEONATAL CARE

- NEONATOLOGIST AND PAEDIATRICIAN
- INTENSIVE CARE SPECIALIST


**DR. ATISH SHAH**
(M) 9824500452
MD (PEDIATRICS), GOLD MEDALIST
Mon.-Fri. : 10:00 AM TO 1:00 PM
4:00 PM TO 7:00 PM
Sat. : 10:00 AM TO 1:00 PM

**DR. CHINTAN RATHOD**
(M) 9408179541
ASSOCIATE DOCTORS

### અમારી હોસ્પિટલમાં બાળસખા યોજના-3
અંતર્ગત નીચે મુજબની બિમારીવાળા બાળકો
(જન્મથી ૨૮ દિવસ સુધી નવજાત શિશુ)
તદ્દન વિનામૂલ્યે સારવાર મેળવી શકશે.




૧. ૧.૫ કિ.ગ્રા.થી ઓછું વજનવાળા બાળકો
૨. જન્મસમયે ન રડેલ બાળકો
૩. મળ પી જવાથી થતો ન્યુમોનિયા
૪. કાચા ફેફસાવાળા બાળકો
૫. લોહીમાં ચેપ
૬. મગજનો ચેપ
૭. સુગર ઓછી થવી
૮. કેલ્શિયમ ઓછું થવું
૯. વધારે સોડિયમ




૩૧૨, સેન્ટોરીની સ્કવેર બિલ્ડીંગ, અભિશ્રી કોમ્પલેક્ષની પાછળ,
સ્ટાર બજારની સામે, જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫

SANGINI HOSPITAL PROVIDES STATE OF THE ART PHYSICIAN PLUS PAEDIATRICIAN SERVICES UNDER ONE ROOF TO ITS CLIENTS IN HEART OF THE CITY OF AHMEDABAD, SATELLITE. IT IS WELL EQUIPPED WITH FOLLOWING FACILITIES:

FULLY EQUIPPED NEONATAL, PEDIATRIC & ADULT ICU • SPECIAL ROOM & SEMI SPECIAL ROOMS • HIGH FREQUENCY VENTILATOR, NON INVASIVE VENTILATORS: CPAP/BIPAP • MULTIPARA MONITORS WITH IBP, SYRINGE PUMPS & INFUSION PUMPS • 2 D ECHO, ECG, TMT, PFT, DEFIBRILLATOR & LABORATORY FACILITIS • SERVO CONTROLLED WARMERS, LED PHOTOTHERAPY, NEBULISERS, HEALTH CHECK UP

**Visiting consultant at Sterling, SAL, HCG, CIMS, Parekhs, Bodyline, Aims Hospitals**



## ડો. હિતેષી એ. શાહ (BDS)
ડેન્ટલ સર્જન

આર.સી.ટી. (RCT), ફિક્સ દાંત, ચોકઠા અને કોસ્મેટીક ડેન્ટીસ્ટ્રીના સ્પેશ્યાલિસ્ટ

- દાંત અને પેઢાના રોગોની સારવાર
- ડેન્ટલ ઇમ્પ્લાન્ટની સારવાર
- વધારે સડાવાડા સોજો આવેલા દાંતના મૂળની સારવાર (RCT)
- ફીક્સ દાંત-સોનાના, સીરામીકના અને મેટલના કવરની સારવાર
- ચોકઠા બનાવવાની સારવાર
- પાયોરીયાની સારવાર
- વાંકાચુકા તથા આગળ પડતાં દાંતની સારવાર
- કહાપણની દાંતની સારવાર
- દાંતની સફાઈ

નવકાર ડેન્ટલ ક્લિનીક

૧૦૭, સહજાનંદ પ્લાઝા, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૬૮૫૦૦૩૪૫ મો. ૯૮૨૪૩૦૦૫૪૨ સમય : સાંજે ૫-૩૦ થી ૮-૦૦ કલાકે

## અનુક્રમણિકા


૧. સમાજના આગામી કાર્યક્રમો ........................ ૦૬

૨. તંત્રીની કલમે ........................ ૦૯

૩. પ્રમુખસ્થાનેથી ........................ ૧૦

૪. સમાજ સમાચાર ........................ ૧૨

૫. જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ ........................ ૧૫

૬. સ્ટુડન્ટ વેલ્ફેર કમિટી સંચાલિત કેરિયર કાઉન્સલીંગનો અહેવાલ ........................ ૧૭

૭. Health Talk On - અહેવાલ ........................ ૧૮

૮. લગ્નદિવસની હાર્દિક શુભેચ્છાઓ ........................ ૩૬

૯. રૂા.૫૦૦૦/-થી વધુ દાનની રકમની યાદી ........................ ૩૮

૧૦. અપેક્ષા - Expectation ........................ ૪૬

૧૧. માનું ઓશિકું ........................ ૪૭



**સંપાદક મંડળ**

શ્રીમતી પ્રીતિ એન. શાહ - તંત્રી
શ્રી ચેતન આર. શાહ - સહતંત્રી
શ્રી ઉમેશભાઈ એન. દોશી
શ્રી હિતેશભાઈ બી. સંઘવી

**મુદ્રક અને પ્રકાશક**

શ્રી અજય નગીનદાસ દોશી
શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ

**તંત્રી**

શ્રીમતી પ્રીતિ એન. શાહ

**મુદ્રણ સ્થાન**

જય ઓફસેટ (ગુજરાત) પ્રા. લી.
૧૫, પંચરત્ન ઇન્ડ. એસ્ટેટ, સરખેજ બાવળા હાઈવે,
ચાંગોદર, અમદાવાદ-૩૮૨૨૧૩.

**માલિક**

શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ

**પ્રકાશન સ્થળ**

"શાન્તમ્", પાંચમો માળ, હેવમોર રેસ્ટોરન્ટની ગલીમાં, નવરંગપુરા, અમદાવાદ - ૯. ફોન : ૨૬૪૨૫૬૭૦ મો. ૮૨૩૮૦ ૫૫૫૭૫
E-mail : info@szvsjainsamaj.org • Web Site : www.szvsjainsamaj.org


આ માસિક પત્રિકામાં પ્રસિદ્ધ થતાં લેખોમાં દર્શાવેલ વિચારો તથા મંતવ્યો લેખકના પોતાના અને અંગત છે. તે અંગેની સમાજની કે સમાજના હોદ્દેદારોની કોઇ જવાબદારી રહેતી નથી.

**વાર્ષિક લવાજમ**

અન્યને માટે રૂ. ૪૦૦/- • છૂટક ૧ નકલની કિંમત રૂ. ૪૦-૦૦


Jayesh Shah
+91 99740 89640
+91 98250 13076
SHAH ESTATE CONSULTANT
JITO (Member) A.E.B.A. (Member) GREAC (Member)
Residential & Commercial Property
Rent | Sale | Lease, Home Loan Advisor
M-13/76, Rupal Park, Opp. Patrakar Colony, Vijaynagar, Naranpura, Ahmedabad - 380013
jayeshshah1376@gmail.com

Mayank Shah
9265231254
OM SAI
Udhyog Handmade Khakhra

Jeera, Masala, Gheewala Sada, Methi Khakhra

જીતેન્દ્ર આર. શાહ તથા
વર્ષા જીતેન્દ્ર શાહ
લાઈફ ઇન્સ્યોરન્સ કન્સલ્ટન્ટ/એજન્ટ
૪૧ વર્ષથી લાઈફ ઇન્સ્યુરન્સ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયાના એજન્ટ તેમજ ચેરમેન કલબ મેમ્બર
રહેઠાણ : સી/૯૦૧, શ્રીજી ટાવર્સ, ઇન્દ્રપ્રસ્થ ટાવર્સ સામે, ડ્રાઇવ-ઇન રોડ, ગુરુકુળ, અમદાવાદ-૩૮૦ ૦૫૨
એલ.આઈ.સી.ની તમામ જાતની સેવા માટે કોન્ટેક્ટ (મો.) ૯૮૨૫૦ ૧૧૨૩૨
"મૃત્યુ થવાનું છે તે માટે જિંદગીનો વીમો લેવાતો નથી, પણ પાછળ કોઇ જીવિત રહેવાનું છે, તે માટે જ જીવન વીમો જરૂરી છે.




પ્રશંસા બીજાઓના સદ્‌ગુણો પ્રત્યેનું આપણું ઋણ છે.

## શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ આયોજીત
## પ્રથમ ઈનામ વિતરણ સમારોહ અને સાંસ્કૃતિક કાર્યક્રમ ઈવેન્ટ ગ્રુપ સંચાલિત

**પ્રથમ ઈનામ વિતરણ સમારોહ તથા ૧૨મો સાંસ્કૃતિક કાર્યક્રમ વર્ષ-૨૦૨૨**

**તા.૨૬-૬-૨૦૨૨, રવિવારે સમય : સવારે ૯-૦૦ કલાકે**

**સ્થળ : ટાગોર હોલ, પાલડી, અમદાવાદ**

### સમારોહના માનવંતા મહેમાનો

**પ્રમુખ : શ્રી નવીનભાઈ નાનચંદભાઈ સંઘવી**

(રીટાયર્ડ ક્લાસ વન ઓફિસર, BSNL, પૂર્વ ટ્રેઝરર - શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ)

**મુખ્ય મહેમાન : શ્રી રાજુભાઈ છોટાલાલ સલોત**

(રીઅલ એસ્ટેટ કન્સલ્ટન્ટ - પદ્માવતી રીઅલટર)

**અતિથિ વિશેષ : શ્રી ઋજલ અતુલભાઈ સંઘવી**

(બિઝનેસમેન - ઈન્ફ્રાસોલ ટેકસર્વ પ્રા.લિ.)

આ વિતરણ સમારોહમાં ધો.૧ થી ૯ના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવે છે. જેમાં નીચેના ધોરણો માટે કાયમી આર્થિક યોગદાન પ્રાપ્ત થયેલ છે જેની વિગત નીચે પ્રમાણે છે. સમાજ આ દરેક દાતાઓનો આભાર માને છે.

ધો.૧ થી ૯ ઈનામ વિતરણ સમારોહના પ્રોત્સાહન ઈનામોના દાતાશ્રીઓ નીચે મુજબ છે.

### ધો.૧ થી ૪ના પ્રોત્સાહન ઈનામોના દાતા

જયાવતીબેન અરવિંભાઈ શાહ (સખીદાસ)

### ધો.૫ થી ૭ના પ્રોત્સાહન ઈનામોના દાતા

મૃદુલાબેન હસમુખલાલ દોશી, હ.શ્રી રાકેશભાઈ દોશી, શ્રી યતિનભાઈ દોશી

### ધો.૮ના પ્રોત્સાહન ઈનામોના દાતા

શ્રીમતી મૃદુલાબેન ગીરીશચંદ્ર સંઘવી હ.શ્રી હિમાંશુભાઈ સંઘવી તથા શ્રી દર્શનભાઈ સંઘવી

### ધો.૯ના પ્રોત્સાહન ઈનામોના દાતા

શ્રીમતી જયશ્રીબેન અશોકભાઈ સંઘવી... હ.જૈમિની નમન સંઘવી તથા હર્ષ સંઘવી

સમારોહમાં આપણા સમાજના સભ્ય સંતાનો દ્વારા રજુ થનાર અદ્ભુત સાંસ્કૃતિક કાર્યક્રમ નિયમ મુજબ સવારે ૯-૦૦ કલાકે શરૂ થશે તો સૌને સમયસર હાજરી આપવા નમ્ર અનુરોધ છે.

- ધો.૧ થી ૯ ઈનામ વિતરણ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ ઈવેન્ટ ગ્રુપ

## દ્વિતીય ઈનામ વિતરણ સમારોહ


**તા,.૨૫-૯-૨૦૨૨, રવિવારે સવારે ૯-૩૦ કલાકે**

**સ્થળ : જે.બી. ઓડિટોરીયમ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન (AMA) પાંજરાપોળ, અમદાવાદ**

(વધુ વિગતો હવે પછીના અંકમાં આપવામાં આવશે.)

# શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ આયોજીત
## લેડીઝ એક્ટિવીટી ઈવેન્ટ ગ્રુપ સંચાલિત કાર્યક્રમ નં. (૧)

આપ સૌને તો ખબર જ હશે કે આપણા સમાજની ગૃહિણીઓ માટે એક લેડીઝ ગ્રુપ બનાવેલ છે. જેમાં આપણા સમાજની ગૃહિણીઓએ ફોર્મ તથા ફી ભરીને આ ગ્રુપના સભ્ય પણ બની ગયેલ છે. ગયા એપ્રિલ માસમાં લેડીઝ એક્ટિવીટી ગ્રુપ દ્વારા એક કાર્યક્રમ નિઃશુલ્ક રાખવામાં આવેલ. જેનો લાભ ઘણી બધી સમાજની ગૃહિણીઓએ લીધેલ. આ ગ્રુપમાં સભ્ય બનેલ ત્યારે જણાવેલ કે વર્ષ દરમ્યાન ૬ કાર્યક્રમો યોજવામાં આવશે તે અન્વયે અમો આ ગ્રુપ સંચાલિત પ્રથમ કાર્યક્રમનું આયોજન કરેલ છે. જેની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

**'હોમ ડેકોર વર્કશોપ'**

**વક્તા : કુ.મીલી શાહ**

**તા.૯-૭-૨૦૨૨, શનિવારે સમય : બપોરે ૨-૦૦ થી ૫-૦૦ સુધી**

**સ્થળ : શાન્તમ એક્ટિવીટી સેન્ટર, નવરંગપુરા, અમદાવાદ**

આજની મોંઘવારીમાં આપણે ઘરને સજાવવા માટે બજેટનો વિચાર કરતાં હોઈએ છીએ. પણ જો તે આપણે આપણા ઘરમાંથી નકામી વસ્તુઓ જેવી કે તૂટેલી ટ્રે, કાચની બોટલ વિ.માંથી આપણે કોઈ નવી વસ્તુ સજાવટ માટે બનાવી શકીએ તો કેવું સારું... આપણા જ સમાજની દીકરી કુ.મીલી શાહ જે છેલ્લા ૭-૮ વર્ષથી હેન્ડમેડ કાર્ડ તથા હોમ ડેકોરેશનની આઈટમ બનાવે છે. તે આપણને આ વર્કશોપમાં ઘરમાં ઉપયોગમાં લઈ શકાય એવી વસ્તુઓ વેસ્ટમાંથી બેસ્ટ કેવી રીતે બનાવાય જેમ કે કાચની બોટલમાંથી Night Lamp, Tray Making વિ. બનાવતા શીખવાડશે.


આ કાર્યક્રમમાં હાજર રહેનાર બહેનોએ નીચે જણાવેલ વિગતોની ખાસ નોં લેવાની રહેશે.

- આ કાર્યક્રમ જે લેડીઝ ગ્રુપમાં ફી ભરીને દાખલ થયેલ છે તે સભ્યો તથા તે સિવાયના અન્ય કોઈ ગૃહિણીને આ કાર્યક્રમમાં ભાગ લેવો હોય તો તેના માટે રાખવામાં આવેલ છે. જે ગૃહિણી સભ્ય બનેલ નથી તે દિવસે સમાજની ઓફિસે ફોર્મ ભરીને સભ્ય બની શકે છે. (ફોર્મ ફી વાર્ષિક રૂા.૬૦૦/- છે તથા પાસપોર્ટ સાઈઝનો ફોટો લાવવો જરૂરી છે.)
- કાર્યક્રમમાં હાજર રહેવા માટે રજિસ્ટ્રેશન ફરજિયાત છે જેની લીંક વોટ્સએપ મેસેજ દ્વારા મોકલવામાં આવશે.
- જે બહેનોએ ફોર્મ ભરીને આપેલ છે તેઓના આઈ-કાર્ડ બની ગયેલ છે જે કાર્યક્રમમાં આપ આવો ત્યારે મેળવી લેવાના રહેશે.
- સમાજની જો કોઈ ગૃહિણીને આ એક જ પ્રોગ્રામમાં દાખલ થવું તો એક દિવસના રૂા. ૧૦૦/- ભરીને તથા આપની સાથે કોઈ ગેસ્ટ લઈને આવવું હોય તો તેઓના રૂા.૧૫૦/- અલગથી ભરીને કાર્યક્રમમાં જોડાઈ શકો છો.
- કાર્યક્રમ બાદ હાઉસીની ગેમ રમાડવામાં આવશે તેમજ અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે.
- કાર્યક્રમમાં કોઈપણ પ્રકારના ફેરફાર સમાજને આધીન રહેશે જેની નોંધ લેશો.

- લેડીઝ એક્ટિવીટી ગ્રુપ ઈવેન્ટ કમિટી


ચૈતાલી દોશી : ૭૮૭૮૧ ૫૭૯૩૯

**અરિહંત ઓટો એડવાઈઝર**



- ડ્રાઈવીંગ લાયસન્સ / રીન્યુ / ફેરફાર
- દરેક પ્રકારના વ્હીલર ટ્રાન્સફર
- તમામ પ્રકારના RTO ના કામકાજ
- વ્હીકલ ચોઈસ નંબર / HSRP નંબર પ્લેટ
- વ્હીકલ ઈન્સ્યોરન્સ

Neminath Electronics

Ritesh Shah
M. : 9974425154
riteshshah105@gmail.com

Deal in : All Types of Industrial Electronics Component

B/417, 4th Floor,
Sumel-11, Nr. Namaste Circle,
Delhi Darwaja to Sahibaug Road,
Sahibaug, Ahmedabad-380004.

હર્ષદભાઈ : (M) 98244 45844
પ્રતિક : (M) 98258 03686

સર્વોદય

૧, વૃંદાવન બિલ્ડીંગ,
આઈ.ડી.બી.આઈ બેંક સામે,
ગુરૂકુળ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન: (O)27433686 (R)27483721
Email: sarvoday3686@gmail.com




જે પત્થર નડતો હોય તેને જો પગથીયું બનાવતાં આવડી જાય તો એ પત્થર મંઝીલ સુધી પહોંચાડી દે છે.

## ધો.૧૦ તથા ધો.૧૨ના વિદ્યાર્થીઓ માટે (વર્ષ ૨૦૨૦-૨૧) તથા (વર્ષ ૨૦૨૧-૨૨)

સમાજના સભ્યોના બાળકો (વર્ષ ૨૦૨૦-૨૧) તથા (વર્ષ ૨૦૨૧-૨૨)માં ધો.૧૦ તથા ધો.૧૨ સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહમાં ૯૯ ટકા પર્સન્ટાઈલ કે તે કરતાં વધુ માર્ક આવ્યા હોય તેવા વિદ્યાર્થીઓની માર્કશીટ નકલ ઉપર નીચે મુજબની પુરી માહિતી લખીને સમાજની ઓફિસે તા.૩૦-૬-૨૦૨૨ સુધીમાં આપી જવી જેથી સમાજ આરસીના આગામી જુલાઈ માસના અંકમાં શુભેચ્છારૂપે આપી શકાય.

- સભ્ય નંબર
- સભ્યનું નામ
- વિદ્યાર્થીનું નામ - ધોરણ - મોબાઈલ નંબર
- વિદ્યાર્થીનો સભ્ય સાથે સંબંધ
- પર્સન્ટેજ તથા પર્સન્ટાઈલ
- વિદ્યાર્થીનો ફોટો

નોંધ : ઉપરોક્ત માર્કશીટ ફક્ત સમાજ આરસીમાં પ્રસિદ્ધ કરવા માટે જ આપવાની છે. ઈનામ લેવા માટે અલગથી માર્કશીટ આપવાની રહેશે જેની ખાસ નોંધ લેવા વિનંતી.

- શ્રી અજયભાઈ એન. દોશી (માનદ્‌મંત્રી)

## સાધર્મિક લાભાર્થીઓને વિતરણ

દરેક સાધર્મિક લાભાર્થી પરિવારને ૫ કિલો કેસર કેરી તથા ૫ કિલો ખાંડનું વિતરણ નીચે જણાવેલ દાતાશ્રીઓના આર્થિક સૌજન્યથી સમાજની ઓફિસ શાન્તમ ખાતેથી કરવામાં આવેલ. જેનો દરેક સાધર્મિક લાભાર્થીએ લાભ લીધેલ.

### : કેરી વિતરણના દાતા :

**સ્વ.પ્રબોધચંદ્ર મલુકચંદ સલોત તથા**
**સ્વ.હસુમતીબેન પ્રબોધચંદ્ર સલોતના સ્મરણાર્થે**
**હ.મોનિકા ચિરાગભાઈ સલોત તથા પરિવાર**

### : ખાંડના દાતા :

**સ્વ. શ્રી ભુપેશભાઈ લાલચંદ દેસાઈ**
**(બોટાદવાળા)ની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે**
**હસ્તે... ભાવનાબેન ભુપેશભાઈ દેસાઈ પરિવાર**

સમાજ ઉપરોક્ત દાતાશ્રીઓનો આભારી છે.

## અભિપ્રાય

પ્રબોધભાઈ મલુકચંદભાઈ સલોત હાલ ચિરાગભાઈ પ્રબોધભાઈ કેરીનો લાભ લેનાર, ચોખાનો લાભ લેનાર, મસાલાનો લાભ લેનાર, ઘઉં-તેલનો લાભ લેનાર દર મહિને ગુપ્ત રીતે ૧ લાખ આપનારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ. સતત ચાલુ ઘણું કહેવાય. બધાને જ ખૂબ જ ધન્યવાદ ને અભિનંદન. એમની રુડી ભાવના માટે ઘણી ખુશી થઈ છે. હવે મુખ્યવાત જન્મદિવસ નિમિત્તે કંઈક રકમ ભેટ તરીકે મોકલવી એવો ભાવ થયેલ તેમાં વાંચ્યું સ્પીડ બ્રેકર બુક, ચોપડા વિશે વાંચ્યું. આ જ લાભ લેવા જેવો છે. ૨ દિવસ કંદમૂળ વગર જમણવાર રાખેલ. પહેલા દિવસે દરેકને ૨૫ સંખ્યાની આસપાસ હશે, ચોપડા અને બોલપેન આપેલ. બીજા દિવસે સ્પીડ બ્રેકરની બુક આપેલ અને જેઓ પેપર ભરે છે તેવા લગભગ ૫૦ની અંદર બધાને સ્પીડ બ્રેકર બુક આપી. સમાજ આરસીમાં ભેટ ના મોકલતા. ૭૫ બુક સ્પીડ બ્રેકરની મંગાવીને ૩ બોક્સ ચોપડાના મંગાવ્યા આ લાભ લીધો. જૈનોના જમણવાર જૈનમેન્યુ એવો શબ્દ કે એવી વ્યવસ્થા ન જ હોવી જોઈએ. જૈનો તો જગતથી જુદા પડે તેને કહેવાય. કોઈ પણ કંદમૂળની કોઈ વસ્તુ પ્રસંગમાં ન જ બનાવડાવે કે ન જ પીરસે તેવી મારી ભાવના છે.

- શ્રી જશવંતલાલ હરગોવનદાસ સલોત


મા-બાપની આંખમાં બેવખત આંસુ આવે છે
દીકરી ઘર છોડે ત્યારે... દીકરો તરછોડે ત્યારે...

**ધનલક્ષ્મી સ્ટોર્સ**

ઇમિટેશન • કોસ્મેટિક્સ • હોઝિયરી
• બેંગલ્સ - બિંદી અને બ્રા - પેન્ટી

૪૫/૩, પાર્શ્વનાથ સોસાયટી, નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩. ફોન : (ઓ.) ૨૭૪૭૮૧૮૯

ભુપેન્દ્રભાઈ બારભાયા
મો. : ૯૪૨૬૭૬૭૯૯૮

છબીલભાઈ શાહ
મો. : ૯૪૨૬૫૭૭૨૧૮




ઝીંદગી મળવી એ નસીબની વાત છે, મોત મળવું એ સમયની વાત છે પણ
મોત પછી પણ કોઈના દિલમાં જીવતા રહેવું એ ઝીંદગીમાં કરેલા કર્મની વાત છે.

# તંત્રીની કલમે

- પ્રીતિ એન. શાહ

ધોરણ ૧૦ અને ૧૨ના પરિણામો આવી ગયા છે, જે વિદ્યાર્થીઓએ સફળતા મેળવી હોય તેમને અભિનંદન પણ જે લોકોએ સફળતા નથી મેળવી એમણે સમજવાનું છે કે એ જીવનનો અંત નથી પણ જીવનમાં બનતી એક ઘટના છે, ક્રમ છે. આપણા જીવનમાં બનતી બાબતોમાંથી એક છે. આવા સમયે પરિવારે પણ સાથ આપવાની જરૂર હોય છે. લડાખના સોનમ વાંગચૂક તેમની સંસ્થામાં જે Failure હોય, નાપાસ થયા હોય એવા વિદ્યાર્થીઓને જ એડમીશન આપે છે. એમની સંસ્થા વિશે મેં પહેલા લખેલું છે. 'થ્રી ઈડિયટસ'માં આમીરખાનનો રોલ એમનાથી ઈન્સ્પાયર હતો, પણ આ વખતે એક સંવેદનશીલ વિષય પર લખી રહી છું.

સોશ્યલ મીડીયા પર વારંવાર એક સ્ક્રોલ કરીએ ત્યાં એક સમાચાર આપઘાતના હોય જ. એ પછી પ્રેમમાં નિષ્ફળ થયેલ યુવક કે યુવતીના હોય, કરીયરમાં નિષ્ફળ થયેલ યુવાન કે યુવતીના હોય લગ્નજીવનમાં નિષ્ફળ થયેલ કે નાસીપાસ થયેલ દંપતિના હોય કે દેવામાં ડૂબેલ કરજદાર કોઈ મજબૂર પિતા, પુત્ર, ભાઈ કે પતિના હોય કે સાસરિયામાં ત્રાસ સહન ન થતા આશાસ્પદ યુવતીના હોય. સમાચાર કોઈના પણ હોય પણ એ આઘાતજનક જ હોય છે. જીવતરનો ભાર એટલો બધો વધી જાય છે કે મોતને વ્હાલું કરવું પડે છે. આમાં સૌથી મહત્વનું કારણ સામાજિક દબાવ છે. આપણો સમાજ સંતુલિત નથી, સ્વસ્થ નથી તંદુરસ્ત નથી અને એને નાદુરસ્ત બનાવનાર પણ આપણે જ છીએ, સંતાનો સામે બીજાના સંતાનોના વખાણ, લડાઈ કરનાર માતા-પિતા પોતાના સંતાનનો હતાશાનું કારણ બને છે. બીજાના જીવનની, સામાજિક સંબંધોની તુલના કરનાર કુટુંબ હંમેશા અસંતોષમાં જ જીવે છે અને એનું ભારણ આખું ઘર ભોગવે છે. એક ગાયનેકોલોજીસ્ટે (ડો. અર્ચના શર્મા) પોતાની નિર્દોષતા સાબિત કરવા આત્મહત્યા કરી. એમના કલીનીકમાં એક પેશન્ટ મૃત્યુ પામી પેશન્ટના સગાવહાલાએ ગુનો દાખલ કર્યો. સામાજિક બદનામીના ડરથી બે માસુમ સંતાનોની માતાએ પોતાને નિર્દોષતા સાબિત કરવા મૃત્યુને વ્હાલુ કર્યું. એક સ્ત્રી કે એક પુરુષ પોતાના પર લાગેલા આક્ષેપો ખોટા હોવા છતાં સમાજના ડરથી મોતને વ્હાલું કરે છે. કેરિયરમાં નાસીપાસ થયેલ IITમાં ભણતો યુવાન હોય કે છઠ્ઠા ધોરણમાં ભણતી વિદ્યાર્થીની એની આસપાસના જ લોકોના ભારણથી જીવન ટૂંકાવે છે. આવા સમયે માણસ પોતાના વિચારોથી એ પણ વધુ પડતા કાલ્પનિક લડે છે, ડરે છે. આવા સમયે કોઈને કોઈ વ્યક્તિ કે મિત્રને એણે ખુલ્લા દિલે જાણ કરવી જોઈએ અથવા જરૂર પડે તો મનોચિકિત્સકની સલાહ કે દવા લેવી જોઈએ. મારા ઘરની બાજુમાં સાઈક્યાટ્રીસ્ટની હોસ્પિટલ છે, જેને ૭૦% લોકો મેન્ટલ હોસ્પિટલ કહે છે. એક ભણેલા ગણેલા કાકાએ તો એને ગાંડાની હોસ્પિટલ કહી ત્યારે માનસિક તાણને ન સમજી શકતા લોકો જ મેન્ટલ લાગે. વિદ્યાર્થીમિત્રો, આશાસ્પદ યુવાનો યુવતિઓને એક જ સલાહ છે કે ૩૫% લાવનાર એકતા કપુર ટેલિવિઝન ક્વીન છે અને ૯૫% લાવનાર તુષાર કપુરની કરીયર એટલી સેટ નથી થઈ. ઈશ્વરે જીવન આપ્યું છે અને એ જીવનની સંઘર્ષ ગાથાઓ ઘણી બધી છે, ઘણા બધા વ્યક્તિઓ સંઘર્ષ કરીને આગળ વધ્યા છે. હતાશાના વિચારો ગરીબ કે તવંગરને નથી પારખતા. એ કોઈ હીરાઘસુ કારીગર હોય કે એમ.બી.એ. થયેલો કોઈ યુવાન. અમેરિકામાં સ્થિત એમ.બી.એ. થયેલો યુવાન અને એના કુટુંબે આ વર્ષમાં જ આત્મહત્યા કરી. કેમ ? કોરોના સમયમાં એની નોકરી ચાલી ગઈ. ઓછા પગારની બીજી નોકરી મળી પણ એમાં ઘર વગેરે પર લીધેલી લોન ભરપાઈ ન કરી શક્યો, ગેસ સ્ટેશન પર નોકરી કરી પણ હતાશામાં ડુબી ગયેલા આ યુવાન અને એના કુટુંબે અંતે મોતને વ્હાલું કર્યું. જિંદગીનો અંત એ સમસ્યાનું સમાધાન નથી. માતા-પિતાએ અને ભણતરે એને ટોપ કરતા શીખવ્યો પણ અસરળતા કે હતાશાની પળોમાં કઈ રીતે ટકી શકાય એ આજનું ભણતર પણ ન શીખવી શક્યું કે ન તો દરેક બીજાના સંતાનોની કંપેરીઝન કરતા મા-બાપ સમજાવી શક્યા. દેશમાં દર ૫૫ મિનિટે એક વિદ્યાર્થી, દર ૨૫ મિનિટે એક ગૃહિણી આપઘાત કરે છે. ETV ભારતના એક લેખ મુજબ દેશમાં દર વર્ષે ૨૨ લાખ લોકો આત્મહત્યા કરે છે. વિશ્વમાં પ્રથમ ક્રમે ભારત છે. માનસિક સ્વસ્થતા, અસફળતા પચાવવાની કેળવણી, દેખા દેખીમાં સંતાનો અને માતા-પિતા બંને પરનો બોજો, સામાજિક ડર, અસલામતી આ મુખ્ય કારણો પર જો વધુ ધ્યાન અપાય તો એક સ્વસ્થ સમાજની રચના થાય. કવિશ્રી વિનોદ સોલંકી 'મિત્ર'ની કવિતાના કેટલાક અંશ સાથે લેખનું સમાપન કરીએ...

*જિંદગી એક રમત છે, રમાય, ભલે ફાવે કે ના ફાવે,*
*જિંદગી એક સફર છે, ખેડાય, ભલે ફાવે કે ના ફાવે.*
*અમસ્તા જ સિક્કા નથી ચાલતા, કોઈના બજારમાં,*
*અણધાર્યા જ એમાં કૂદી પડાય, ભલે ફાવે કે ના ફાવે,*
*જિંદગી, સાતમો કોઠો છે અભિમન્યુનો અજાણ્યો !*
*છેલ્લા શ્વાસ સુધી લડી લેવાય, ભલે ફાવે કે ના ફાવે.*
*આત્મહત્યા એ સમાધાન નથી કોઈ પણ સમસ્યાનું !*
*એમ, અમથા જીવ ના અપાય, ભલે ફાવે કે ના ફાવે.*

(M) 81411 99064

## પ્રમુખસ્થાનેથી

- ઉમેશ એન. દોશી

# નક્કી કરવું જરૂરી છે

આચાર્ય ભગવંત શ્રી રત્નસુંદરવિજયજી મહા.સાહેબના પ્રવચનમાંથી સાંભળેલી અમુક વાતો મને ગમી. જેનો જીવનમાં અમલ કરવા જેવો છે. જેના પોઈન્ટ્સ તેઓશ્રીના છે મારૂ ફક્ત વિવરણ છે તે સહુને જણાવવા માંગુ છું.

જીવનના અલગ અલગ તબક્કાઓમાંથી સહુને પસાર થવું પડે છે. ચાહે વિદ્યાર્થી હોય, યુવાનવય હોય, વ્યાપારી હોય, ગૃહિણી હોય, સમાજસેવી હોય, નેતા હોય કે સંત પણ કેમ ન હોય. દરેકના જીવનમાં અલગ અલગ તબક્કા આવે જ છે. જીવનમાં ઉદ્‌ભવતી પરિસ્થિતિ પ્રમાણે નીચે મુજબની બાબતો માટે આપણે 'નક્કી કરવું જરૂરી છે'

- Goal (ધ્યેય) ● Angle (દષ્ટિકોણ)
- Nature (સ્વભાવ) ● Choice (પસંદગી)
- Habit (આદતો-ટેવ)

● Goal (ધ્યેય) : ઉપર જણાવ્યા પ્રમાણેની કોઈપણ Categary પ્રકારમાં આપણે આવતા હોઈએ પરંતુ દરેકના જીવનમાં એક Goal (ધ્યેય) નક્કી હોવો જરૂરી છે. વિદ્યાર્થી હોય કે વ્યાપારી કોઈપણ હોય, પોતે શું કરવા માંગે છે તે પોતાના મનમાં નક્કી કરવું જરૂરી છે, જો આ બાબત નક્કી જ ન હોય તો દિશાહીન થવાની પૂરી શક્યતા રહે છે. જો Goal નક્કી હશે તો જ કોઈપણ ક્ષેત્રમાં ચાહે શૈક્ષણિક હોય, વ્યાપારમાં હોય, સમાજસેવામાં કે અધ્યાત્મ ક્ષેત્રે ગમે તે ક્ષેત્ર હોય પણ આપણે શું કરવા માંગીએ છીએ તે અંગે જો ચોક્કસ ન હોઈએ તો જીવનની પ્રગતિ, જે મેળવવા માંગીએ છીએ તે મેળવવું મુશ્કેલ થઈ પડે છે.

● Angle (દષ્ટિકોણ) : એક ગ્લાસમાં પાણી અર્ધુ ભરેલું છે, અર્ધો ગ્લાસ ખાલી છે. Positive (હકારાત્મક) દષ્ટિકોણ ધરાવતી વ્યક્તિ તે ગ્લાસને અર્ધો ભરેલો ગ્લાસ કહેશે, Negative (નકારાત્મક) દષ્ટિકોણ ધરાવતી વ્યક્તિ તે ગ્લાસને અર્ધો ખાલી ગ્લાસ કહેશે. વસ્તુ સ્થિતિ સમાન છે પરંતુ જોવાનો દષ્ટિકોણ મહત્વનો છે. Positive દષ્ટિકોણ ધરાવતી વ્યક્તિને જીવનની કોઈ પરિસ્થિતિમાં જિંદગી પ્રત્યે પ્રમાણમાં ફરિયાદ જ નહીં હોય જ્યારે Negative દષ્ટિકોણ ધરાવતી વ્યક્તિને જીવનની દરેક પરિસ્થિતિમાં દરેક વ્યક્તિમાં હંમેશા ખામીઓ જ દેખાશે, હંમેશા ફરિયાદોનો ટોપલો લઈને ફરતા હશે. માટે હંમેશા Positive દષ્ટિકોણ રાખવો જોઈએ.

● Nature (સ્વભાવ) : જ્યારે આપણી પીઠ પાછળ આપણી ગેરહાજરીમાં આપણા માટે સારૂં બોલે તો સમજવું કે આપણો સ્વભાવ સારો છે પરંતુ મોંઢે આપણી હાજરીમાં સારું બોલે અને પાછળ ખરાબ બોલે તેવું આપણને ધ્યાનમાં આવે તો સમજવું કે મારો સ્વભાવ સારો નથી. મારામાં કંઈક ખામી છે.

આપણા પ્રેમભર્યા સંબંધો - નિઃસ્વાર્થ સંબંધો - હૃદયના સંબંધો - લાગણી એ સારા-સરળ સ્વભાવની નિશાની છે. અમુક વ્યક્તિના સ્વભાવમાં જ હોય છે કે કોઈનું સારૂં બોલવું જ નહીં, સામી વ્યક્તિ ગમે તેવા સારા કાર્ય કરે, આવા નેગેટીવ સ્વભાવવાળી વ્યક્તિને હંમેશા તેમાં ખોડખાંપણ જ દેખાય. સારો સ્વભાવ સહુનો સાચો પ્રેમ, નેગેટીવ સ્વભાવ તો ઉપર છલ્લો ફક્ત દેખાવવાળો પ્રેમ દેખાશે. સારો સ્વભાવ લોકોને નજીક લાવશે, સ્વભાવમાં ખામી તો લોકો તમારાથી અંતર રાખશે.

● Choice (પસંદગી) : વ્યક્તિની પસંદગી ઉપર તેના વિષે લોકો અભિપ્રાય બાંધતા હોય છે. જીવનમાં વ્યક્તિની પસંદગી, મિત્રોની પસંદગી, શોખની પસંદગી, કાર્યક્ષેત્રની પસંદગી - આ બધી બાબતો આપણા વ્યક્તિત્વનું સ્વરૂપ દર્શાવે છે. સમાજની પ્રતિષ્ઠિત-સંસ્કારી-સજ્જન વ્યક્તિઓ સાથેની આપણી પસંદગી - ઉઠક બેઠક આપણી તેવી જ છાપ ઊભી કરે છે. આપણા મિત્રો કેવા છે વ્યસની છે, સ્વાર્થી છે, જેની સમાજમાં પ્રતિષ્ઠા નથી તેવા છે કે સંસ્કારી છે, ધાર્મિક છે, નિર્વ્યસની છે આવી સોબત-પસંદગી આપણી એક અલગ જ છાપ ઊભી કરે છે. ફક્ત આપણે સારા હોવું પૂરતું નથી, આપણી આજુબાજુનું વર્તુળ-પસંદગી ઉપર જ આપણી પ્રતિષ્ઠાનો મદાર છે માટે જીવનમાં આ બાબત



પ્રભુએ સંસારની આ રચના કરી છે જ્યારે માનવીએ પોતાના વિચારોથી અને કર્મોથી દુઃખ અને સુખની રચના કરી છે.

પ્રત્યેની કાળજી ખૂબ જ અગત્યની છે.

● Habit (આદત) : ઘણીવાર એવું બને છે કે આપણે સારા હોઈએ, આપણું મિત્ર વર્તુળ પણ કદાચ સારું હોય પરંતુ તેમાં એકાદ બે મિત્રો - સહકાર્યકરોને કોઈક ખોટી આદતો હોય જેમ કે વ્યસની હોય (ગુટખા-દારૂ કે જુગાર જેવી) ઓછા વત્તા અંશે આદતો હોય, વર્ષોના સંબંધ ભલે હોય પરંતુ જેવી ખબર પડે તો ક્યાં તેને સુધારવાના પ્રયત્ન કરીએ અથવા તેનાથી દૂર જતાં રહીએ. સોબત તેવી અસર કહેવત ખોટી નથી. થોડે ઘણે અંશે અસર આવી જ જાય. આપણી જિંદગીમાં તકલીફો ઊભી થવાની શક્યતાઓ વધી જાય. માટે ખોટી આદતોથી દૂર રહીએ અને ખોટી આદતોવાળાથી દૂર રહીએ તેમાં જ આપણી સલામતી છે.

પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી રત્નસુંદરજીવિજયજી મહારાજ સાહેબના પ્રવચનમાં સાંભળેલ આ જીવનમાં ઉતારવા જેવા મહત્વના ગુણોને આપની સમક્ષ રજુ કરેલ છે. હું કોઈ પ્રવચનકાર કે વ્યાખ્યાતા નથી પરંતુ આપણા સહુ માટે જીવનમાં ઉપયોગી બાબતો લાગતાં મેં આ પ્રયત્ન કરેલ છે. આ રજુઆતમાં અજાણતા કોઈ ભૂલચૂક થઈ હોય તો ગુરુદેવની અને આપ સર્વેની ક્ષમા યાચના.

**જિંદગી નાની છે પણ મજાની છે,**
**જીવતાં આવડે તો મિજબાની છે**
**નહીંતર ભારોભાર નુકશાની છે.**

### શ્રદ્ધાંજલિ

(૧)મુ.પાળિયાદ હા.અમદાવાદ ધવલ તથા જીગરના માતૃશ્રી રોહિણીબેન સુબોધચંદ્ર શાહ તા.૧૧-૬-૨૦૨૨ના રોજ અરિહંતશરણ થયેલ છે.

સમાજ તેઓના દુઃખદ અવસાનથી દુઃખની લાગણી અનુભવે છે. પ્રભુ તેઓના આત્માને શાંતિ અર્પે..


### જોઈએ છે સેલ્સમેન

ઉ.વ. ૩૦ થી ૫૦ વર્ષ સુધી
(સમાજના ભાઈઓ તથા બહેનો માટે)
ઘરેબેઠા પેકીંગ કરવા માટે ભાઈઓ તથા બહેનોની જરૂર છે.
**આવકાર નોવેલ્ટીઝ**
પાનકોરનાકા, અમદાવાદ.
ટે.નં. ૨૫૩૫૭૩૧૨ મો. ૯૧૫૭૦૬૪૨૧૦

Hardik R. Gopani
+91 98250 09171

**Diamonds Redefined**

Vipul H. Gopani
+91 98256 03309

BONICA
JEWELS



**Exclusive Diamond Jewellery**

104, Abhishree Avenue, Surendra Mangaldas Road, Nr.Shakti Electronics, Ambawadi, Ahmedabad, Gujarat 380015

+91 9726 444 567 | vipul@bonicajewels.com | bonicajewels.com




જીવનમાં ગુરુ ના હોય તો જીવન બેકાર છે માટે
જીવનમાં 'ગુરુ' જરૂરી છે 'ગુરુર' નહીં.

# સમાજ સમાચાર

## તા. ૦૧-૦૫-૨૦૨૨ થી તા. ૩૧-૦૫-૨૦૨૨ સુધી સમાજને મળેલ દાનની રકમની વિગત

| રસીદ નં. | દાતાનું નામ અને વિગત | રકમ રૂ. |
|---|---|---|
| | એક સદ્‌ગૃહસ્થ તરફથી : ૪૮૭૬ થી ૪૮૮૦, ૪૮૮૨ થી ૪૮૮૬, ૪૯૦૪ થી ૪૯૦૮, ૪૯૧૪ થી ૪૯૧૮ (માનવરાહત ફંડ ખાતે) | ૫૦,૦૦૦/- |
| ૪૯૧૨ | Simplery India Pvt.Ltd. - શ્રી હર્ષ અશોકભાઈ સંઘવી - ZBN First Meetના સ્પોન્સરશીપ પેટે (એક્ટિવીટી ફંડ ખાતે) | ૨૫,૦૦૦/- |
| ૪૮૯૬ અને ૪૮૯૭ | નયનાબેન નરેન્દ્રભાઈ દોશી, વિપલબેન પારસભાઈ દોશી : સાધર્મિક ૧૫ બહેનોને આર્થિક સહાય (માનવરાહત ફંડ ખાતે) રૂા.૧૦૦૦/- લેખે | ૧૫,૦૦૦/- |
| ૪૯૧૯ | Property Nevigators LLP - શ્રી અંકિત સુરેશભાઈ શાહ - ZBN First Meetના કો.સ્પોન્શરશીપ પેટે (એક્ટિવીટી ફંડ ખાતે) | ૧૫,૦૦૦/- |
| ૪૯૬૯ અને ૪૯૭૦ | ભાવના ભુપેશભાઈ દેસાઈ, જય ભુપેશભાઈ દેસાઈ : સ્વ.ભુપેશભાઈ લાલચંદ દેસાઈની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ : સાધર્મિક સભ્ય : ખાંડના દાતા : (માનવરાહત ફંડ ખાતે) | ૧૫,૦૦૦/- |
| ૪૮૭૦ | સ્વપનિલ જી. દોશી, યેશા દોશી, મિત દોશી, વિરલ આર. શાહ, પથિકભાઈ જે. ગોપાણી, વિપુલભાઈ ગોપાણી, નિતિનભાઈ એમ. દોશી, શ્વેતલભાઈ એચ. સંઘવી, ચેતનભાઈ ગાંધી, અમિતભાઈ એન. દોશી, સિદ્ધાર્થ ગોપાણી, અશોકભાઈ જે. સંઘવી, ભાવેશભાઈ સી. હકાણી, અંકિત સંઘવી : ZBN (એક્ટિવીટી ફંડ ખાતે) | ૧૩,૭૦૦/- |
| ૪૯૬૪ | સ્વ.પ્રબોધચંદ્ર મલુકચંદ સલોત તથા સ્વ.હસુમતીબેન પ્રબોધચંદ્ર સલોત હ.મોનિકા ચિરાગભાઈ સલોત પરિવાર - વર્ષ : ૨૦૨૨ : સાધર્મિક સભ્ય : કેરી વિતરણ દાતા (માનવરાહત ફંડ ખાતે) | ૧૧,૦૦૦/- |
| ૪૯૫૭ | જસવંતભાઈ બચુભાઈ દોશી હ.આશિષભાઈ જસવંતભાઈ દોશી (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજવિકાસ ફંડ ખાતે) (વર્ષ : ૨૦૨૧-૨૨) | ૧૦,૦૦૦/- |
| ૪૯૨૨ | શારદાબેન અરવિંદભાઈ સંઘવી (માનવરાહત ફંડ ખાતે) | ૫૦૦૦/- |
| ૪૯૨૪ | ઉષાબેન વિનોદચંદ્ર કોઠારી (શૈક્ષણિક સહાય ખાતે) | ૫૦૦૦/- |
| ૪૯૫૪ | રમેશભાઈ જે. સંઘવી : ભારતીબેન રમેશભાઈ સંઘવીની તૃતીય પુણ્યતિથિ નિમિત્તે (માનવરાહત ફંડ ખાતે) | ૫૦૦૦/- |
| ૪૯૫૮ | જ્યોતિબેન દિનેશભાઈ સંઘવી, દિનેશભાઈ પ્રાણલાલ સંઘવી : લગ્નના ૫૦ વર્ષ પુરા થયા તેના ખુશાલી નિમિત્તે : તા. ૨ જુન (માનવરાહત ફંડ ખાતે) | ૫૦૦૦/- |
| ૪૮૭૫ | દર્શનભાઈ સંઘવી, ધવલ સંઘવી, ઋષભભાઈ સંઘવી, મિરાલી વસાણી, પાયલ સંઘવી : ZBN (એક્ટિવીટી ફંડ ખાતે) | ૪૪૦૦/- |
| ૪૮૯૨ | દર્શન ગોપાણી, વિશ્રુત સંઘવી, સપન શાહ, ઉદય જે. શાહ : ZBN (એક્ટિવીટી ફંડ ખાતે) | ૪૦૦૦/- |
| ૪૮૮૧ | હિરેન શાહ, સુપલ દોશી, રિદ્ધમ શાહ : ZBN (એક્ટિવીટી ફંડ ખાતે) | ૩૦૦૦/- |
| ૪૮૮૯ | જ્યોતિબેન અતુલભાઈ શાહ : સ્વ.અતુલભાઈ મયાચંદભાઈના સ્મરણાર્થે (માનવરાહત ફંડ ખાતે) | ૨૫૦૧/- |
| ૪૯૬૫ | ઈલાબેન મહેન્દ્રભાઈ શાહ, મહેન્દ્રભાઈ શાંતિલાલ શાહ : લગ્નદિવસની હાર્દિક શુભેચ્છા નિમિત્તે તા.૨૧ મે (માનવરાહત ફંડ ખાતે) | ૨૫૦૦/- |
| ૪૯૦૦ | નિલેશભાઈ અનોપચંદભાઈ દોશી : સુપુત્ર ચિં.રાજનું સગપણ મુ.રાજકોટ હા.રાજકોટ શ્રી અપૂર્વભાઈ પ્રવીણભાઈ મણીયારની સુપુત્રી ચિં.શૈલજા સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજવિકાસ, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) તા.૨૮-૪-૨૦૨૨ | ૨૦૦૬/- |
| ૪૯૦૧ | અપૂર્વભાઈ પ્રવીણભાઈ મણીયાર : સુપુત્રી ચિં.શૈલજાનું સગપણ મુ.વઢવાણ હા.અમદાવાદ શ્રી નિલેશભાઈ અનોપચંદભાઈ દોશીના સુપુત્ર ચિં.રાજ સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજવિકાસ, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) તા.૨૮-૪-૨૦૨૨ | ૨૦૦૬/- |
| ૪૯૩૩ | દિપેનભાઈ પ્રવીણચંદ્ર સંઘવી : સુપુત્ર ચિં.યશનું સગપણ મુ.રામપરા હા.વડોદરા શ્રી ઘનશ્યામભાઈ માનસિંઘભાઈ ચાવડાની સુપુત્રી ચિં.નેહા સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજવિકાસ, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) તા.૧૩-૫-૨૦૨૨ | ૨૦૦૬/- |
| ૪૯૩૪ | ઘનશ્યામભાઈ માનસિંઘભાઈ ચાવડા : સુપુત્રી ચિં.નેહાનું સગપણ મુ.લીંબડી હા.અમદાવાદ શ્રી દિપેનભાઈ પ્રવીણચંદ્ર સંઘવીના સુપુત્ર ચિં.યશ સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજવિકાસ, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) તા.૧૩-૫-૨૦૨૨ | ૨૦૦૬/- |



ક્ષમા, સંતોષ, સરલતા અને નમ્રતા
આ ચાર ધર્મના દ્વાર છે.

# સમાજ સમાચાર

## તા. ૦૧-૦૫-૨૦૨૨ થી તા. ૩૧-૦૫-૨૦૨૨ સુધી સમાજને મળેલ દાનની રકમની વિગત

| રસીદ નં. | દાતાનું નામ અને વિગત | રકમ રૂ. |
|---|---|---|
| ૪૯૭૧ | કલ્પેશભાઈ મનહરલાલ સલોત (માનવરાહત ફંડ ખાતે) | ૨૦૦૦/- |
| ૪૯૫૫ | વસંતલાલ સુખલાલ કોઠારી : સુપુત્ર ચિં.મૌલિકનું સગપણ મુ.ધોલેરા હા.અમદાવાદ શ્રી કનુભાઈ જયંતિલાલ સંઘવીની સુપુત્રી ચિં.કૃતિ સાથે કર્યું તે શુભ પ્રસંગે<br>(માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજવિકાસ, સમાજ આરસી, સગપણ લાગા ખાતે)<br>તા.૨૧-૫-૨૦૨૨ | ૧૮૦૬/- |
| ૪૯૫૬ | કનુભાઈ જયંતિલાલ સંઘવી : સુપુત્રી ચિં.કૃતિનું સગપણ મુ.વઢવાણ હા.અમદાવાદ શ્રી વસંતલાલ સુખલાલ કોઠારીના સુપુત્ર ચિં.મૌલિક સાથે કર્યું તે શુભ પ્રસંગે<br>(માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજવિકાસ, સમાજ આરસી, સગપણ લાગા ખાતે)<br>તા.૨૧-૫-૨૦૨૨ | ૧૮૦૬/- |
| ૪૮૯૦ | સ્વ.પંકજભાઈ ભોગીલાલ શાહ (સલોત) સુપુત્ર ચિં.હેમલનું સગપણ મુ.ભાવનગર હા.ભાવનગર શ્રી ચેતનભાઈ મહેન્દ્રભાઈ પારેખની સુપુત્રી ચિં.ધારા સાથે કર્યું તે શુભ પ્રસંગે<br>(માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ આરસી, સગપણ લાગા ખાતે)<br>તા.૧-૫-૨૦૨૨ | ૧૫૦૫/- |
| ૪૮૯૧ | ચેતનભાઈ મહેન્દ્રભાઈ પારેખ : સુપુત્રી ચિં.ધારાનું સગપણ મુ.નાગલપુર (બોટાદ) હા.અમદાવાદ સ્વ.પંકજભાઈ ભોગીલાલ શાહ (સલોત)ના સુપુત્ર ચિં.હેમલ સાથે કર્યું તે શુભ પ્રસંગે<br>(માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) તા.૧-૫-૨૦૨૨ | ૧૫૦૫/- |
| ૪૮૯૮ | ઈલેશભાઈ શાંતિલાલ શેઠ : સુપુત્ર ચિં.હર્ષનું સગપણ મુ.અમદાવાદ હા.અમદાવાદ શ્રી સુદેશકુમાર શર્માની સુપુત્રી ચિં.જ્યોતિ સાથે કર્યું તે શુભ પ્રસંગે<br>(માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ વિકાસ, સગપણ લાગા ખાતે) તા.૮-૫-૨૦૨૨ | ૧૫૦૫/- |
| ૪૮૯૯ | સુદેશકુમાર શર્મા સુપુત્રી : ચિં.જ્યોતિનું સગપણ મુ.રાણપુર હા.અમદાવાદ શ્રી ઈલેશભાઈ શાંતિલાલ શેઠના સુપુત્ર ચિં.હર્ષ સાથે કર્યું તે શુભ પ્રસંગે<br>(માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજવિકાસ, સગપણ લાગા ખાતે) તા.૮-૫-૨૦૨૨ | ૧૫૦૫/- |
| ૪૯૩૬ | ગીરીશકુમાર કાંતિલાલ શાહ - સુપુત્ર ચિં.કરણનું સગપણ મુ.પાળિયાદ હા.પાળિયાદ શ્રી ચંદ્રકાંતભાઈ ન્યાલચંદભાઈ દોશીની સુપુત્રી ચિં.આકાંક્ષા સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, સમાજ આરસી, સગપણ લાગા ખાતે)<br>તા.૬-૫-૨૦૨૨ | ૧૫૦૩/- |
| ૪૯૩૭ | ચંદ્રકાંતભાઈ ન્યાલચંદભાઈ દોશી : સુપુત્રી ચિં.આકાંક્ષાનું સગપણ મુ.નાગનેશ હા.અમદાવાદ શ્રી ગીરીશકુમાર કાંતિલાલ શાહના સુપુત્ર ચિં.કરણ સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, સમાજ આરસી, સગપણ લાગા ખાતે)<br>તા.૬-૫-૨૦૨૨ | ૧૫૦૩/- |
| ૪૯૩૮ | શૈલેષભાઈ ખોડીદાસ વસાણી - સુપુત્ર ચિં.જીનીશનું સગપણ મુ.નાગનેશ હા.જોરાવરનગર શ્રી રાજેશભાઈ ચંદુલાલ શાહની સુપુત્રી ચિં.ક્રિના સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, સમાજ આરસી, સગપણ લાગા ખાતે)<br>તા.૧૪-૫-૨૦૨૨ | ૧૫૦૩/- |
| ૪૯૩૯ | રાજેશભાઈ ચંદુલાલ શાહ : સુપુત્રી ચિં.ક્રિનાનું સગપણ મુ.બોટાદ હા.અમદાવાદ શ્રી શૈલેષભાઈ ખોડીદાસભાઈ વસાણીના સુપુત્ર ચિં.જીનીશ સાથે કર્યું તે શુભ પ્રસંગે (માનવરાહત ફંડ, સમાજ આરસી, સગપણ લાગા ખાતે)<br>તા.૧૪-૫-૨૦૨૨ | ૧૫૦૩/- |
| ૪૯૩૫ | દિપેનભાઈ પ્રવિણચંદ્ર સંઘવી - સુપુત્રી ચિં.શૈલીનું સગપણ મુ.રાજકોટ નિવાસી નંદલાલ પોપટલાલના સુપુત્ર ચિં.પ્રશાંત સાથે કર્યું તેની ખુશાલીમાં<br>(માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૧૫૦૩/- |
| ૪૯૪૫ | સમતાબેન લાલચંદભાઈ સંઘવી (માનવરાહત ફંડ ખાતે) | ૧૧૧૧/- |
| ૪૮૯૫ | નિતેષભાઈ વી. સખીદાસ - ZBN (એક્ટિવીટી ફંડ ખાતે) | ૧૦૦૦/- |



આંસુ સુકાયા પછી જે મળવા આવે... તે સંબંધ છે... ને
આંસુ પહેલા મળવા આવે... એ પ્રેમ છે...

# સમાજ સમાચાર

## તા. ૦૧-૦૫-૨૦૨૨ થી તા. ૩૧-૦૫-૨૦૨૨ સુધી સમાજને મળેલ દાનની રકમની વિગત

| રસીદ નં. | દાતાનું નામ અને વિગત | રકમ રૂ. |
|---|---|---|
| ૪૯૦૨ | દિલીપભાઈ મનસુખલાલ વસાણી - જન્મદિવસની હાર્દિક શુભેચ્છા નિમિત્તે (માનવરાહત ફંડ ખાતે) તા.૫ મે | ૧૦૦૦/- |
| ૪૯૪૯ | કિરીટકુમાર નંદલાલ શાહ - જન્મદિવસની હાર્દિક શુભેચ્છા નિમિત્તે (માનવરાહત ફંડ ખાતે) તા.૨૧ મે | ૧૦૦૦/- |
| ૪૯૫૨ | મૌલિકાબેન સમીરભાઈ દોશી - સુપુત્રી ચિં.કલગીનું શુભલગ્ન મુ.બિલીમોરા હા.અમદાવાદ શ્રી મિનાક્ષીબેન અતુલભાઈ સંઘવીના સુપુત્ર ચિં.અમનકુમાર સાથે કર્યુ તેની ખુશાલી નિમિત્તે (માનવરાહત ફંડ ખાતે) તા.૨૨-૫-૨૦૨૨ | ૧૦૦૦/- |
| ૪૯૫૩ | મિનાક્ષીબેન અતુલભાઈ સંઘવીના સુપુત્ર ચિં.અમનકુમારના શુભલગ્ન મુ.બોટાદ હા.અમદાવાદ શ્રી મૌલિકાબેન સમીરભાઈ દોશીની સુપુત્રી ચિં.કલગી સાથે કર્યુ તેની ખુશાલી નિમિત્તે (માનવરાહત ફંડ ખાતે) તા.૨૨-૫-૨૦૨૨ | ૧૦૦૦/- |
| ૪૯૬૬ | નિલેશભાઈ અનોપચંદભાઈ સંઘવી (માનવરાહત ફંડ ખાતે) | ૧૦૦૦/- |
| ૪૮૭૩ | રૂપલબેન નિલેશકુમાર શાહ (લેડીઝ એક્ટિવીટી ફંડ ખાતે) | ૬૦૦/- |
| ૪૮૭૪ | અલકાબેન પરેશભાઈ કોઠારી (લેડીઝ એક્ટિવીટી ફંડ ખાતે) | ૬૦૦/- |
| ૪૮૮૭ | કોમલ ધર્મેન્દ્રભાઈ શાહ (લેડીઝ એક્ટિવીટી ફંડ ખાતે) | ૬૦૦/- |
| ૪૮૮૮ | દર્શના અલ્પેશભાઈ શાહ (લેડીઝ એક્ટિવીટી ફંડ ખાતે) | ૬૦૦/- |
| ૪૮૯૩ | પૂજા જીગરભાઈ શાહ (લેડીઝ એક્ટિવીટી ફંડ ખાતે) | ૬૦૦/- |
| ૪૯૦૯ | નેહા હિરેન શાહ (લેડીઝ એક્ટિવીટી ફંડ ખાતે) | ૬૦૦/- |
| ૪૯૧૦ | શિતલ પ્રિયેશ શાહ (લેડીઝ એક્ટિવીટી ફંડ ખાતે) | ૬૦૦/- |
| ૪૯૧૧ | રૂપલ રિપલ સલોત (લેડીઝ એક્ટિવીટી ફંડ ખાતે) | ૬૦૦/- |
| ૪૯૧૨ | અમિતાબેન જીતેન્દ્રકુમાર શાહ (લેડીઝ એક્ટિવીટી ફંડ ખાતે) | ૬૦૦/- |
| ૪૯૦૩ | વીણાબેન દિલીપભાઈ વસાણી : દિલીપભાઈ મનસુખલાલ વસાણી - લગ્નદિવસની હાર્દિક શુભેચ્છા નિમિત્તે તા.૧૭ એપ્રિલ (માનવરાહત ફંડ ખાતે) | ૫૦૦/- |
| ૪૯૬૭ | ગીતાબેન અતુલભાઈ સંઘવી - જન્મદિવસની હાર્દિક શુભેચ્છા નિમિત્તે (માનવરાહત ફંડ ખાતે) તા.૨ જુન | ૫૦૦/- |

## તા. ૦૧-૦૫-૨૦૨૨ થી તા. ૩૧-૦૫-૨૦૨૨ સુધી દાન સિવાયની પહોંચની વિગત

| વિગત | પહોંચ નંબર |
|---|---|
| સમાજ આરસી બાયોડેટા | ૪૮૯૪, ૪૯૪૧, ૪૯૪૪, ૪૯૪૬, ૪૯૪૭, ૪૯૪૮, ૪૯૫૯, ૪૯૬૦, ૪૯૬૧, ૪૯૬૨, ૪૯૬૩ |
| સમાજ આરસી શ્રદ્ધાંજલિ મેટર | ૪૯૨૧, ૪૯૪૩, ૪૯૫૦ |
| સમાજ આરસી જાહેરાત | ૪૮૭૧, ૪૯૩૧, ૪૯૪૨ |
| સમાજ આરસી લવાજમ | ૪૯૧૩, ૪૯૨૩, ૪૯૫૧ |
| લોન ધિરાણ | ૪૮૭૨, ૪૯૨૬, ૪૯૨૭, ૪૯૨૮, ૪૯૨૯, ૪૯૩૨, ૪૯૪૦ |
| અન્ય | ૪૯૨૦, ૪૯૩૦ |

જેની જીભમાં અમી તેને દુનિયા નમી.
શાહ જયસુખલાલ ધોળાભાઈ (પાળીયાદવાળા)
ગુજરાત મશીનરી કું.
મુમતાજ મહલ બિલ્ડિંગ, પેટ્રોલ પંપ સામે,
ઝકરીયા મસ્જિદ, રિલીફ રોડ, અમદાવાદ.
ડિસ્ટ્રિબ્યુટર્સ : HONDA જનસેટ એન્ડ પંપ સેટ
કન્સ્ટ્રકશન મશીનરી એન્ડ સ્પેર્સ
ફોન : ૨૨૧૬૯૬૪૨, ૨૨૧૭૦૯૫૪
જયસુખભાઈ ડી. શાહ મો.૯૩૨૭૧૭૫૬૦૦
ધવલ જે. શાહ - મો. : ૯૮૨૪૦૩૭૩૨૦
નેહલ જે. શાહ - મો. : ૯૮૨૫૧ ૭૫૬૦૦

આપણું "મૃત્યુ" નિશ્ચિત છે, પણ સમય નક્કી નથી.
LIC
આપણા સહારે જીવન જીવનારને
આપણી ગેરહાજરીમાં પણ સહારો આપીએ
સુરક્ષાના પગલે પગલે......
લાઇફ ઇન્સ્યુરન્સના તેમજ જનરલ
ICICI ઇન્સ્યુરન્સના કોઈ પણ કામકાજ માટે
● મ્યુચ્યુઅલ ફંડના વિક્રેતા
નીપા પી. ગાંધી : તૃષ્ણા એચ. ગાંધી
જી-૪૧, હરિઓમ પાર્ક સોસાયટી, જય અંબે નગર રોડ,
ધોસા સોસાયટી સામે, થલતેજ, અમદાવાદ - ૩૮૦ ૦૫૪
(રહે.) ૨૬૮૫૨૪૮૫ મો. : ૯૪૨૮૨૯૨૦૮૨
E-mail : hjgandhi@redifmail.com

ભૂપેન્દ્ર વી. શાહ ફોન : ૨૫૩૫૫૯૭૧,૨૫૩૩૦૮૬૬
મો. : ૯૮૭૯૧ ૫૭૪૭૨
૯૭૧૪૧ ૩૫૯૪૦
Maruti
જયશ્રી બાલા હનુમાન સ્ટોર્સ
શ્રી મારુતિ હનુમાન સ્ટોર્સ
SHREE MARUTI HANUMAN STORES
Mfg. Wholeseller in :
નોટબુક, ફૂલસ્કેપ, પરીક્ષા પેપર,
એકાઉન્ટ બુક, લેમિનેશન બ્રાઉન પેપર
દોશીવાડાની પોળના નાકે, ટંકશાળ રોડ,
કાળુપુર, અમદાવાદ-૧


જ્ઞાનની પ્રાપ્તિ માટે હંમેશા નમ્ર બનતા શીખવાનું જરૂરી છે.

# જન્મદિવસની હાર્દિક શુભેચ્છા

## જુલાઈ માસમાં આવતા જન્મદિનની શુભેચ્છાઓ

| સભ્ય નં. | સભ્યનું નામ |
|---|---|
| | **૧ જુલાઈ** |
| LR-77 | શ્રી રમેશચંદ્ર હીરાલાલ હકાણી |
| LH-78 | શ્રી હિમાંશુભાઈ મહેન્દ્રભાઈ શાહ |
| LBH-77 | શ્રી ભદ્રેશભાઈ શાંતિલાલ શાહ |
| LK-152 | શ્રી કેતનભાઈ મહેન્દ્રભાઈ સંઘવી |
| | **૨ જુલાઈ** |
| LR-24 | શ્રી રમેશકુમાર સવાઈલાલ શાહ |
| LN-91 | શ્રી નૈનેશભાઈ પ્રવીણચંદ્ર શાહ |
| LP-83 | શ્રી પરેશભાઈ ચીમનલાલ સંઘવી |
| LN-128 | શ્રી નિકુંજભાઈ પન્નાલાલ સલોત |
| | **૩ જુલાઈ** |
| LBH-53 | શ્રી ભાવિનભાઈ વિનોદચંદ્ર કોઠારી |
| LD-68 | શ્રી દેવાંગભાઈ ધીમંતકુમાર સખીદાસ |
| LM-107 | શ્રી મનીષભાઈ કલ્યાણભાઈ શાહ |
| LH-87 | શ્રી હેતલકુમાર પ્રવીણચંદ્ર સંઘવી |
| | **૪ જુલાઈ** |
| LV-35 | શ્રી વ્રજલાલ છગનલાલ શાહ |
| LU-13 | શ્રી ઉમેશકુમાર બાબુલાલ શાહ |
| LK-154 | શ્રી કલ્પેશભાઈ ભરતભાઈ દેસાઈ |
| LT-19 | શ્રી તેજસભાઈ સુરેશભાઈ શાહ |
| | **૫ જુલાઈ** |
| LS-72 | શ્રી સંદીપભાઈ પ્રવીણચંદ્ર શાહ |
| LS-91 | શ્રી સુધીરભાઈ ચંપકલાલ ગાંધી |
| LJ-73 | શ્રી જસુમતીબેન ચંદ્રકાંતભાઈ સંઘવી |
| LT-8 | શ્રી તુષારભાઈ જગદીશભાઈ શાહ |
| | **૬ જુલાઈ** |
| LP-144 | શ્રી પાર્થ નિતિનભાઈ સલોત |
| LJ-136 | શ્રી જયેશકુમાર ભોગીલાલ સંઘવી |
| | **૭ જુલાઈ** |
| LR-120 | શ્રી રસિકલાલ છોટાલાલ શાહ |
| LS-75 | શ્રી સૂર્યકાંત ચંપકલાલ ગાંધી |
| LJ-80 | શ્રી જયેશકુમાર ગીરધરલાલ સંઘવી |
| LK-17 | શ્રી કિશોરભાઈ કાંતિલાલ શાહ |
| LBH-68 | શ્રી ભૌમિકભાઈ સનતકુમાર શાહ |
| LB-35 | શ્રી બકુલભાઈ મનસુખલાલ ગાંધી |

| સભ્ય નં. | સભ્યનું નામ |
|---|---|
| LP-165 | શ્રી પરાગભાઈ ચંપકલાલ ગાંધી |
| | **૮ જુલાઈ** |
| LN-21 | શ્રી નરેશભાઈ લાલચંદભાઈ દોશી |
| LN-74 | શ્રી નિલેશકુમાર રમણિકલાલ વોરા |
| LK-105 | શ્રી કૌશિકકુમાર અમૃતલાલ શાહ |
| LA-30 | શ્રી અજીતભાઈ ઉમેદચંદ ગોપાણી |
| LK-129 | શ્રી કેતનભાઈ નવીનભાઈ વોરા |
| LP-154 | શ્રી પારસભાઈ મુકેશભાઈ સંઘવી |
| | **૯ જુલાઈ** |
| LP-124 | શ્રી પારસભાઈ રવિન્દ્રભાઈ કોઠારી |
| | **૧૦ જુલાઈ** |
| LA-87 | શ્રી અલ્પેશભાઈ પ્રમોદચંદ શાહ |
| LCH-2 | શ્રી ચીમનલાલ કેશવલાલ શાહ |
| LR-39 | શ્રી રાજેન્દ્રકુમાર કાંતિલાલ સંઘવી |
| LS-102 | શ્રી સેવંતીલાલ પોપટલાલ શાહ |
| | **૧૧ જુલાઈ** |
| LB-10 | શ્રી બિપિનચંદ્ર કાંતિલાલ શાહ |
| LA-60 | શ્રી અલ્પેશભાઈ હીરાલાલ શાહ |
| LV-78 | શ્રી વિજયકુમાર જયંતિલાલ શાહ |
| LS-103 | શ્રી સંજયકુમાર ચંદુલાલ શાહ |
| LH-88 | શ્રી હર્ષભાઈ બિપિનભાઈ શાહ |
| | **૧૨ જુલાઈ** |
| LA-40 | ડો. અલ્પેશભાઈ રમણીકલાલ શાહ |
| LS-24 | શ્રી સુરેશભાઈ કાંતિલાલ વેજાણી |
| LR-35 | શ્રી રમેશભાઈ મનસુખલાલ વસાણી |
| LP-80 | શ્રી પરેશભાઈ અમરતલાલ સંઘવી |
| LA-124 | શ્રી અતુલભાઈ વિનોદચંદ્ર ગોપાણી |
| | **૧૩ જુલાઈ** |
| LA-102 | ડો. અલ્પેશભાઈ ઝવેરચંદ શાહ |
| LR-25 | શ્રી રાજેશકુમાર ભોગીલાલ સંઘવી |
| LM-92 | શ્રી મુકેશભાઈ કસ્તુરચંદ ગાંધી |
| LN-29 | શ્રી નરેન્દ્રભાઈ જયંતીલાલ શાહ |
| LN-119 | શ્રી નૈષલભાઈ કિરીટભાઈ શાહ |
| | **૧૪ જુલાઈ** |
| LCH-43 | શ્રી ચેતનભાઈ કીરીટભાઈ ગાંધી |

# જુલાઈ માસમાં આવતા જન્મદિનની શુભેચ્છાઓ

| સભ્ય નં. | સભ્યનું નામ |
|---|---|
| LV-4 | શ્રી વ્રજલાલ પ્રેમચંદ શાહ |
| LK-71 | શ્રી કમલેશભાઈ રસિકલાલ શાહ |
| LK-46 | શ્રી કીરીટભાઈ ચંદુલાલ દોશી |
| | **૧૫ જુલાઈ** |
| LCH-40 | શ્રી ચૈતન્યભાઈ સુરેન્દ્રભાઈ સંઘવી |
| LN-106 | શ્રી નીતાબેન પ્રશાંતભાઈ દોશી |
| LK-123 | શ્રી કૌશલભાઈ કીરીટભાઈ ગાંધી |
| LD-95 | શ્રી દિગંતકુમાર ધીરજલાલ શાહ |
| LR-143 | શ્રી રાકેશભાઈ ચંપકલાલ ગાંધી |
| | **૧૬ જુલાઈ** |
| LD-2 | શ્રી દિનેશભાઈ ધીરજલાલ શાહ |
| LV-64 | શ્રી વિમેશભાઈ નગીનભાઈ શાહ |
| LDH-33 | શ્રી ધવલભાઈ સુબોધચંદ્ર શાહ |
| | **૧૭ જુલાઈ** |
| LH-64 | શ્રી હર્ષદભાઈ નટવરલાલ શાહ |
| | **૧૮ જુલાઈ** |
| LA-109 | શ્રી અંકિતભાઈ વિનોદકુમાર દોશી |
| LD-74 | શ્રી દિલીપભાઈ વાડીલાલ શેઠ |
| LJ-49 | શ્રી જયસુખલાલ હરજીવનદાસ શાહ |
| LT-7 | શ્રી તુષારભાઈ ચીમનલાલ વોરા |
| LK-140 | શ્રી કિશોરભાઈ વર્ધમાનભાઈ શાહ |
| LJ-142 | શ્રી જીમીતભાઈ રાજેશભાઈ ગાંધી |
| | **૧૯ જુલાઈ** |
| LA-4 | શ્રી અશ્વિનકુમાર જયંતીલાલ હકાણી |
| LP-31 | શ્રી પ્રવીણભાઈ જયંતીલાલ શાહ |
| | **૨૦ જુલાઈ** |
| LP-103 | શ્રી પંકજકુમાર શાંતિલાલ સંઘવી |
| LS-99 | શ્રી સંજયભાઈ કનુભાઈ કોઠારી |
| LK-131 | શ્રી કિશોરભાઈ કાંતિલાલ હકાણી |
| LK-132 | શ્રી કેતનભાઈ જસવંતભાઈ સંઘવી |
| LR-146 | શ્રી રાહુલભાઈ પ્રફુલ્લચંદ્ર સંઘવી |
| LS-112 | શ્રી સુનિલભાઈ મફતલાલ સંઘવી |
| LN-90 | શ્રી નીતીનભાઈ મનસુખલાલ ગાંધી |
| | **૨૧ જુલાઈ** |
| LM-114 | શ્રી મિહિરભાઈ મનસુખલાલ શાહ |
| LJ-117 | શ્રી જસવંતકુમાર રતિલાલ શાહ |
| LH-84 | શ્રી હિમાંશુભાઈ મહેશભાઈ ગાંધી |

| સભ્ય નં. | સભ્યનું નામ |
|---|---|
| | **૨૩ જુલાઈ** |
| LR-122 | શ્રી રાજનભાઈ કાંતિલાલ સંઘવી |
| LR-21 | શ્રી રમેશચંદ્ર જીવણલાલ સંઘવી |
| LR-135 | શ્રી રજનીભાઈ સી. શાહ |
| | **૨૪ જુલાઈ** |
| LR-131 | શ્રી ઋષભભાઈ હસમુખભાઈ સંઘવી |
| LJ-31 | શ્રી જયેશકુમાર ચીમનલાલ શાહ |
| | **૨૫ જુલાઈ** |
| LSH-22 | શ્રી શૈલેષકુમાર જયંતીલાલ હકાણી |
| LR-53 | શ્રી રમેશચંદ્ર વ્રજલાલ શાહ |
| | **૨૬ જુલાઈ** |
| LH-67 | શ્રી હિતેશભાઈ પ્રાણલાલ ધોળકિયા |
| LA-28 | શ્રી અરવિંદભાઈ ચીમનલાલ સંઘવી |
| LDH-32 | શ્રી ધ્રુમિલભાઈ ભરતભાઈ સંઘવી |
| LS-106 | શ્રી સંજયભાઈ ભોગીલાલ ગોપાણી |
| | **૨૭ જુલાઈ** |
| LA-82 | ડો. અમીતભાઈ કિશોરભાઈ દોશી |
| LU-15 | શ્રી ઉદયભાઈ જસવંતલાલ શાહ |
| | **૨૮ જુલાઈ** |
| LP-134 | શ્રી પ્રદીપભાઈ હિંમતલાલ વસાણી |
| LH-94 | શ્રી હાર્દિકભાઈ ઈન્દ્રવદનભાઈ શાહ |
| | **૨૯ જુલાઈ** |
| LCH-42 | શ્રી ચિંતનભાઈ હસમુખલાલ શાહ |
| LJ-27 | શ્રી જયપ્રકાશભાઈ જયંતીલાલ શાહ |
| LB-13 | શ્રી બિપીનભાઈ કાંતિલાલ સંઘવી |
| LM-127 | શ્રી મૌલિકભાઈ ભદ્રેશભાઈ શાહ |
| | **૩૦ જુલાઈ** |
| LP-89 | શ્રીમતી પ્રતિમાબેન દીપકભાઈ સંઘવી |
| LK-110 | શ્રી કેતનભાઈ અમૃતલાલ શાહ |
| | **૩૧ જુલાઈ** |
| LA-13 | શ્રી અતુલકુમાર જયંતીલાલ સંઘવી |
| LJ-109 | ડો. જીમીતભાઈ નરેન્દ્રભાઈ સંઘવી |
| LV-85 | શ્રી વિશાલભાઈ હરેશકુમાર શાહ |
| LM-130 | શ્રી મનનભાઈ હર્ષદકુમાર શાહ |
| LP-150 | શ્રી પ્રફુલ્લચંદ્ર રસિકલાલ દોશી |
| | **૧૪ જુલાઈ** |
| | શ્રી રોશની એમ. રાવલ (ઓફિસ ઈન્ચાર્જ) |



ગુરુ પાસે શીખવા નથી જવાનું પરંતુ જરૂર
વગરનું શીખેલું ભૂલવા જવાનું છે.

# શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થા. જૈન સમાજ આયોજીત તથા સ્ટુડન્ટ વેલફેર કમીટી સંચાલિત કેરીયર કાઉન્સલીંગ અહેવાલ

આપણા સમાજના ધો.૧૦ થી ૧૨માં ભણતાં વિદ્યાર્થીઓના ભાવિ અભ્યાસ અંગે માર્ગદર્શન આપવા માટે તા.૧૪-૫-૨૦૨૨ને શનિવારના રોજ સાંજે ૭-૦૦ વાગે સમાજની ઓફિસે શાન્તમ એક્ટિવીટી સેન્ટરમાં આયોજન કરવામાં આવેલ. ઉપરોક્ત સેમિનારમાં આપણા જ સમાજના શૈક્ષણિક ક્ષેત્રે ખૂબ જ સારો અનુભવ ધરાવનાર વક્તાઓ કેપ્ટન શ્રી ચૈતન્યભાઈ એસ. સંઘવી (વિજ્ઞાન પ્રવાહ), શ્રી ધવલભાઈ એ. શાહ (સામાન્ય પ્રવાહ) તથા શ્રી ભાવિનભાઈ વી. કોઠારી (ડીઝાઈનીંગ) દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ.



આજના આ કાર્યક્રમમાં હાજર રહેલ વક્તાઓ અંગે સમાજના માનદ્‌મંત્રીશ્રી અજયભાઈ એન. દોશીએ ટૂંકમાં પરિચય આપેલ ત્યારબાદ ત્રણેય વક્તાઓનું અભિવાદન માનદ્‌મંત્રીશ્રી અજયભાઈ દોશી તથા કમિટી સભ્ય શ્રી દર્શનભાઈ સંઘવી દ્વારા મોમેન્ટો આપી કરવામાં આવેલ.

સૌ પ્રથમ શ્રી ચૈતન્યભાઈ એસ. સંઘવી કે જે હાલ એલ.ડી. એન્જિનિયરીંગ કોલેજમાં પ્રોફેસર છે તેઓએ જણાવેલ કે ધો. ૧૦ અને ધો.૧૨ના વિદ્યાર્થીઓને સાયન્સ ફીલ્ડમાં જવા માટે વિવિધ કોર્સ અંગે જણાવેલ જેમાં આજના ટેકનોલોજી યુગમાં વિદ્યાર્થીઓ પોતાનું સારું ભવિષ્ય બનાવી શકે તે માટે વિવિધ કોર્ષ તથા તેમાં એડમીશનની



પ્રોસેસ કઈ રીતે સરળ થઈ શકે તે અંગેનું માર્ગદર્શન આપેલ અને કોર્ષના સીલેક્શન બાદ કઈ કોલેજ કે યુનીવર્સિટીની પસંદગી કરી શકાય તેમજ આજના ટેકનોલોજીના યુગમાં નવા કોર્ષ જેવા કે સીવીલ, ઓટોમોબાઈલ, બાયો-ટેકનોલોજી, કોમ્પ્યુટર સાયન્સ, આઈ.ટી. વિગેરે જેવા કોર્ષ કરી શકાય તેમ જણાવેલ.

શ્રી ધવલભાઈ એ. શાહ કે જેઓ એલ.જે. કોલેજ બી.બી.એ.માં પ્રોફેસર છે. તેઓએ ધો.૧૦ અને ધો.૧૨ના વિદ્યાર્થીઓને કોમર્સ ફીલ્ડમાં પોતાની કારકીર્દી બનાવવી છે તેના વિશે ખૂબ જ સરસ માહિતી આપેલ. ધો.૧૨ કોમર્સ પછી વિદ્યાર્થીને રેડી ફોર માર્કેટ બનાવવા માટે કોમર્સ ફીલ્ડના ટેકનોલોજી સાથે સારી કેરીયર બની શકે તેવા કોર્ષ અને તેના લગતી ભવિષ્યની મુંઝવણ વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપેલ. કોમર્સ કરેલ વિદ્યાર્થીઓ કયા કોર્ષ કરી શકે જેમાં બી.કોમ., બી.બી.એ., સી.એ., સી.એસ., એમ.એસ.સી.આઈ.ટી., એમ.બી.એ., બી.સી.એ., એમ.સી.એ. જેવા વિવિધ કોર્સ કરવા અંગે માર્ગદર્શન આપેલ.



શ્રી ભાવિનભાઈ વી. કોઠારી કે જેઓ એન.આઈ.ડી.ના પ્રોફેસર છે તેમણે હાજર રહેલ વિદ્યાર્થીઓને ક્રીએટીવ ફિલ્ડમાં જેવા કે ડીઝાઈન, આર્કીટેક્ટ, ઈનટેક્ચ્યુલ પ્રોપર્ટી તેમજ વિદ્યાર્થીઓ નીડર બનીને પોતાના મનપસંદ ફીલ્ડમાં ભવિષ્ય બનાવી શકે તે માટે માર્ગદર્શન આપેલ તેમજ વિદ્યાર્થીઓને પોતાની રુચિવાળા ક્ષેત્રમાં ભણવા માટે તેમજ કારકીર્દિ બનાવવા માટે પ્રોત્સાહન પુરુ પાડેલ જેનાથી ભવિષ્યમાં પોતાના ગમતાં ફીલ્ડમાં કામ કરવાથી કામ કર્યાનો થાક પણ નહીં લાગે અને સારામાં સારું કાર્ય કરી શકશે. ત્યારબાદ વિદ્યાર્થીઓ તથા વાલીઓ દ્વારા તેમની મુંઝવતા પ્રશ્નો પૂછેલ અને તેનો સંતોષકારક પ્રત્યુત્તર તેઓને મળેલ. ત્યારબાદ હાજર રહેલ સૌએ અલ્પાહારને ન્યાય આપેલ કાર્યક્રમ સંપન્ન કરવામાં આવેલ.

પ્રેષક : શ્રી ધવલ એ. શાહ

ખાસ નોંધ : આ તબક્કે આ સેમિનારમાં માર્ગદર્શન આપનાર સમાજના ત્રણેય શિક્ષણવિદ્‌નો સમાજ અંતઃકરણપૂર્વક આભાર માને છે.

## HEALTH TALK ON - ડો. ઉર્વિશ પટેલનો અહેવાલ

શ્રી ઝાલાવાડ વીસા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ તા.૫-૬-૨૨ના રોજ 'હેલ્થ ટોક ઓન' કોરોનાકાળ પછીનું શરીર અને તેની સાચવણી તથા તમારા ઢીંચણ અને સ્પાઈનની સાચવણી કરવા અંગેની કસરતો માટે માર્ગદર્શન આપવા માટેનો ડો.ઉર્વીશ પટેલનો કાર્યક્રમ સમાજની ઓફિસે કરસતો માટે યોજવામાં આવેલ.

ડો.ઉર્વીશ પટેલ જે Senior Physiotharapist - Founder of PHYSIO+ છે, જેઓ PAIN SPECIALIST છે જેઓ PHYSIO+ THERHERAPY & HERABILITATION સેન્ટર ઘાટલોડિયા, ગુરુકુળ તથા વંદેમાતરમ એરિયામાં ચલાવે છે. જેમનો પરિચય સમાજના સહમંત્રી શ્રી દીપકભાઈ જે. સંઘવીએ આપેલ. ત્યારબાદ તેઓનું સુતરની આંટી તથા મોમેન્ટોથી બહુમાન કરેલ. ડો.ઉર્વીશ પટેલે જણાવ્યું કે ઢીંચણ અને સ્પાઈનની સાચવણી કેવી રીતે કરવી અને તે અંગેની કસરત સુંદર પ્રેઝન્ટેશન દ્વારા પ્રોજેક્ટ ઉપર વિવિધ સ્લાઈડ દ્વારા કેવી રીતે કસરત કરવી અને તે અંગે શું સાચવણી કરવી તે સમજાવ્યું અને તે વિષે માહિતી આપી. ડો.ઉર્વીશ પટેલના મત મુજબ કોરોનાકાળ પછી દરેક વ્યક્તિ શારીરિક, માનસિક અને નાણાંકીય રીતે તકલીફમાં આવ્યો છે તે મુજબ સૌ પ્રથમ તો રોજિંદા જીવનમાં કસરતને સ્થાન આપો. સવારે ઉઠીને થોડી કસરત કરો અથવા તમારું મનગમતું કામ કરો અને મનને સ્ફૂર્તીલું રાખો. તમે ઓફિસે વર્ક જો બેસીને કરવાનું હોય તો થોડા સમયના અંતેર ઉભા થઈને કસરત કરો અથવા થોડું ચાલો. જેથી તમારું મન અને શરીર તંદુરસ્ત રહે તથા તમારી ખોરાકની આદતમાં પાણી, જ્યુશ અને ફળને સ્થાન આપો. રોજ એક ફળ ખાવાની ટેવ પાડો. ત્યારબાદ હાજર રહેલા સભ્યોના સવાલોના સુંદર રીતે ડો.ઉર્વીશ પટેલે જવાબ આપ્યા હતા.

કાર્યક્રમના અંતમાં ડો.ઉર્વીશ પટેલે સરસ કસરત શીખવાડી જે તમે ઓફિસના કામ દરમિયાન અને ઘરના કામમાં સરળતાથી કરી શકો છો. અલ્પાહારને ન્યાય આપી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો. ડો.ઉર્વીશ પટેલે આપણા સમાજના સભ્યો માટે પોતાનો કિંમતી સમય આપ્યો તે બદલ સમાજ તેમનો આભારી છે. તથા સમાજના સભ્યોને તેમના ક્લીનીકમાં ફર્સ્ટ કન્સલ્ટેશન ફ્રી (નિઃશુલ્ક) આપવામાં આપશે તેમ પણ જણાવેલ.

પ્રેષક : ઉર્વશી વિશાલ શાહ







Alkeshkumar Kalpeshkumar
અલ્કેશકુમાર કલ્પેશકુમાર
કાપડના વહેપારી
એસ/૬૯, સિંધી માર્કેટ, રેવડી બજાર, અમદાવાદ-૨
ફોન : ૨૨૧૭૦૪૭૭, ૨૨૧૭૫૮૩૧

એચ.કે. હાઉસ
૧૭, સરકીવાડની પોળ, સારંગપુર દરવાજા પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૦૧..
ફોન : ૨૨૧૧ ૧૬૯૭, ૨૨૧૧ ૦૫૦૪

હરજીવનદાસ કસળચંદ શાહ પરિવાર
(પાળીયાદવાળા)
રજનીકાંત શાહ - ૯૮૩૦ ૯૯૪૬
જયંત શાહ - ૯૪૨૧ ૪૧૮૦ અલકેશ શાહ - ૯૬૩૦ ૫૬૧૪
અતુલ શાહ - ૯૨૧૪ ૬૦૮૦ કલ્પેશ શાહ - ૯૮૨૫ ૧૯૭૪

(Gandhi & Sons. Excise Consultant)
OJAS SALES
SHARDA INDUSTRIES
MANANSIDDH ENTERPRISE
Dealing in Dyes - Intermediates,
E.T.P. Chemicals, Other Chemicals
YASHVI CORPORATION • YASHVI PAPER TECH
393/A, Phase-II, Beside Krupa Chemicals,
G.I.D.C. Vatva. Ph. : (O) 25830017
Fax : 25832218 (M) 98250 63061
DARSHAN GANDHI (M) 98986 60003
સૌજન્ય : કાંતિલાલ આણંદજી ગાંધી

લેટેસ્ટ ટેકનિકથી કાનની બુટ ચોંટાડવા
• સ્ટીચલેસ (ટાંકા વગર) • પેઇનલેસ
• નહીં પટ્ટી, નહીં ડ્રેસિંગ • માત્ર એક સીટિંગમાં • માત્ર ૧૫ મિનિટમાં જ..
તરત જ બુટ્ટી પહેરાવવામાં આવે છે.
ક્લિનિક : ડૉ. શ્રુતિ જે. કોઠારી
M.B.B.S.
ફેમિલી ફિઝિશિયન
સોમ થી શનિ સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦ સાંજે ૫-૩૦ થી ૮-૦૦
યુ-૧૮, અક્ષરધામ કોમ્પ્લેક્ષ, પ્રેમચંદનગર પાસે, જજીસ બંગલો રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ. ફોન : ૨૬૭૬૫૮૮૫
અન્ય સવલતો : રસી કેન્દ્ર, ગાયનેક તપાસ, ડાયટરી ક્લિનિક, સ્ટરિલાઇઝડ પેઇનલેસ ટેકનીકથી નાક-કાન વિંધાવવા, બેલી પિયરસીંગ, ફેમિલી ફિઝિશિયન, LIC પેનલ ડૉક્ટર




માનવીને બહારનું કોઈ નડતું નથી પરંતુ
પોતાની મોટાઈ નડી રહી છે.

